ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૧૧/૨૦૧૮.

**પરિપત્ર :-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ છેવાડાની વ્યકિતઓ, કારીગરો પોતાના પરંપરાગત વ્યવસાય અથવા તેમણે હાંસલ કરેલ આવડત (Skill) ના આધારે રોજગારી મેળવી શકે તે માટે રાજય સરકાર માનવ ગરિમા યોજના અંતર્ગત ટુલકીટ ( Tool kit ) ના સ્વરુપે સાધન સહાય આપે છે. છેલ્લા ઘણા વર્ષોથી આવા સાધનો ગરીબ કલ્યાણ મેળામાં પણ વિતરણ કરવામાં આવે છે. અનુભવે જણાયું છે કે, કેટલાક કિસ્સાઓમાં આવી સાધન સહાય ( Tool kit ) સાચા લાભાર્થીઓ સુધી પહોંચવાને બદલે ભળતા જ લાભાર્થીઓ લઈ જાય છે. તેથી સાચા લાભાર્થીને રોજગારી આપી તેનો આર્થિક ઉત્કર્ષ કરવાનો હેતુ બર આવતો નથી. ઉપરોકત યોજના અંતર્ગત સરકાર ધ્વારા અપાતી ટુલકીટ સ્વરુપની સાધન સામગ્રી સહાય સાચા અને જરુરીયાતમંદ લાભાર્થી સુધી પહોંચે અને સરકારની યોજનાઓનો હેતુ બર આવે તે સુનિશ્ચિત કરવા નીચેની બાબતો પરિપત્રિત કરવામાં આવે છે.

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની માનવ ગરિમા યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ, બિન અનામત આર્થિક પછાત વર્ગો વગેરેને મળવાપાત્ર ટુલકીટ/ સાધન સામગ્રીની સહાયના લાભાર્થીઓ બેવડાય નહીં અને સાચા લાભાર્થીને યોજનાનો લાભ મળે તે માટે તૃતીય પક્ષ (Third party) ધ્વારા ચકાસણી કરવાનું નકકી કરવામાં આવે છે.

૨. તૃતીય પક્ષ (Third party) ચકાસણી માટે જિલ્લા કલેકટરશ્રીઓની દોરવણી અને માર્ગદર્શન હેઠળ અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ, બિન અનામત આર્થિક પછાત વર્ગો ના લાભાર્થીઓની સામી ચકાસણી (Cross verification) માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના અધિકારીઓ એકબીજાના લાભાર્થીઓનું સ્થળ નિરીક્ષણ કરશે. આવા સામા નિરીક્ષણ ( Cross verification) માટે કલેકટરશ્રી સ્થળ નિરીક્ષણ માટેની ટુકડીઓ (Teams)માં સ્થાનિક પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને અન્ય ઉપલબ્ધ અધિકારીઓને પણ સામેલ કરી શકશે.

૩. સામા નિરીક્ષણ (Cross verification) વખતે ટીમના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ સહિત સંબંધિત લાભાર્થીઓની યોજના માટેની લાયકાત ( Eligibility ), જે તે ટુલકીટ ચલાવવાની, ઉપયોગ કરવાની ક્ષમતા/આવડતની બાબતની પણ ચકાસણી કરવાની રહશે. જે કિસ્સામાં ટુલકીટ/સાધન ચલાવવાની ક્ષમતા સંબંધિત લાભાર્થીમાં ન હોય તો આવી તાલીમ આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૪. આવી તૃતીય પક્ષ (Third party) ધ્વારા થનાર સામી ચકાસણી (Cross verification) અંગેનો અહેવાલ કલેકટરશ્રીઓએ યોજનાના પરિણામલક્ષી મૂલ્યાંકન (Evaluation ) અંગેનો અહેવાલ સંબંધિત નિયામકશ્રીઓને તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલવાનો રહેશે જેથી યોજનાને પરીણામલક્ષી અને અર્થપૂર્ણ બનાવવા માટે યોજનાના સ્વરુપમાં યોગ્ય ફેરફાર કરી શકાય.

૫. ઉપર દર્શાવ્યા પ્રમાણેની કાર્યવાહી જિલ્લા કલેકટરશ્રીઓએ ઝુંબેશના સ્વરુપે પૂર્ણ કરવાની રહેશે, જેથી ગરીબ કલ્યાણ મેળાઓમાં વિતરણ કરવામાં આવનાર ટુલકિટની પ્રક્રિયામાં વિલંબ ન થાય.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા )
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, (સા.ન્યાય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યાય અને અ.વિભાગનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (વિકસતિ જાતિ કલ્યાણ) ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામક, અ.જા.ક અને નિયામક ,વિ.જા.ક મારફત.)
- સેકશન અધિકારીશ્રી (ગ અને બ શાખા), (સા.ન્યાય અને અ. વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા), (સા.ન્યાય અને અ. વિભાગ) સચિવાલય,ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ